**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૦૪/૦૨/૨૦૧૮ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૬/૧૮**

**એક વર્ષ થી ફરાર રહેલ અપહરણ તથા બળાત્કારના ગુનાના કેદીને વાસણા વિસ્તાર માંથીઝડપી લઇ, જેલ હવાલે મોકલી આપતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓ તરફથી જેલ માંથી પેરોલ/ફર્લો/વચગાળા જામીન ઉપર છુટી ફરાર થયેલ કેદીઓને તથા નાસતા ફરતા આરોપીઓ પકડવા સુચના કરેલ હોય જેઓની સુચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સબ.ઈન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓએ ટીમના માણસો સાથે નાસતા-ફરતા આરોપીઓ તથા પેરોલ-ફર્લો ફરારી કેદીઓની શોધખોળ હાથ ધરેલ હતી.

અમદાવાદ શહેર, સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૪/૧૫ ઇપીકો ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪ વિગેરે મુજબના ગુનાના કોર્ટની કસ્ટડી હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલ કાચા કેદી તરીકે ગોપાલભાઇ કેશાભાઇ મારવાડી ઉ.વ.૨૫, રહે. વાસણા, અમદાવાદ શહેર નાનો અમદાવાદ મધ્યસ્થ જેલ માં હતો. જે તા.૨૨/૦૩/૨૦૧૭ ના રોજ દિન-૧૦ ના વચગાળા જામીન ઉપર છુટેલ હતો. જેને તા.૧/૦૪/૨૦૧૭ ના રોજ વચગાળા જામીન રજા પુરી થયે થીજેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ પોતે હાજર થયેલ નહી અને વચગાળા જામીન રજા ઉપર થી ફરાર થઇ ગયેલ હોય.

વચગાળા જામીન ફરારી કેદી અમદાવાદ ખાતે આવવાનો હોવાની બાતમી હકિકત હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા પો.કોન્સ. દિગ્વીજયસિંહ ભુરુભા નાઓને મળતા પો.સબ.ઇન્સ.શ્રી કે.આઇ.જાડેજા તેમના સાથેના સ્ટાફના માણસો સાથે વોચ ગોઠવી સદર કેદીને વાસણા, જી.બી.શાહ કોલેજ પાસે થી બાતમી હકિકત આધારે આજરોજ પકડી પાડી તેને ડીટેઇન કરી તેને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.